# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સુરત શહેર

જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરત-૩૯૫૦૦૧.

ફોન નંબર :- ૦૨૬૧-૨૪૬૫૮૦૮

E-mail :- dydosurat05@gmail.com


ક્રમાંક/જરગઅ/૨૪૪૮થી૨૪૫૦/ ૨૦૨૧-૨૨ તા.૦૪/૧૨/૨૦૨૧.

પ્રતિ,

(૧) આચાર્યશ્રી, માધ્યમિક/ઉ.મા.શાળાઓ,
ઉ.બુ.શાળાઓ સુરત શહેર તથા જિલ્લો

(૨) પ્રિન્સિપાલશ્રી, આર્ટસ/કોર્મસ/સાયન્સ/કૃષિ કોલેજો,
તથા અન્ય ફેકલ્ટી કોલેજો તમામ સુરત શહેર તથા જિલ્લો

**વિષય- ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દરેક જિલ્લામાં "રંગોળી સ્પર્ધા" બાબત.**

શ્રીમાન,

ભારત સરકારશ્રીના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આઝાદીની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી સંદર્ભે આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે સમગ્રભાર તમાં રંગોળી સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવે છે.આ રંગોળી સ્પર્ધામાં ભારતનો કોઈપણ નાગરીક કે જેની ઉંમર ૧૬ થી ૪૫ વર્ષની હોય તે ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે https://amritmahotsav.nic.in/rangoli-making-competition.htm વેબસાઈટ પર પોતાનું રજિસ્ટ્રેશન તા.૧૫/૧૨/૨૦૨૧ સુધીમાં કરાવી દેવાનું રહેશે. રંગોળીનો મુખ્ય વિષય સ્વતંત્રતા આંદોલન હશે જેમાં સ્વતંત્રતા સંગ્રામના શહીદો અને તેને લગતા પ્રસંગોની રંગોળી બનાવવાની રહેશે.

રંગોળી બનાવવા માટેની તમામ સામગ્રીઓ સ્પર્ધકે લાવવાની રહેશે. રંગોળી સ્પર્ધામાં પેન્સિલ/ચોકનો ઉપયોગ થઈ શકશે નહિં. તમામ સ્પર્ધકને ૪x૪ ફુટની જગ્યા રંગોળી બનાવવા માટે આપવામાં આવશે અને રંગોળી સ્પર્ધકે ૧૫૦ મિનિટ (અઢી કલાક)માં પૂર્ણ કરવાની રહેશે. આ સ્પર્ધા ત્રણ સ્ટેજમાં (૧)જિલ્લાકક્ષાએ (૨)રાજ્યકક્ષાએ (૩)રાષ્ટ્રીયકક્ષાએ યોજવામાં આવનાર છે.

આ સ્પર્ધાના નિયમો ઉકત વેબસાઈટ પરથી મેળવી લેવાના રહેશે તથા સાદા કાગળમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ સાથે નામ, સરનામું, મોબાઈલ નંબરની વિગત આધારકાર્ડ સાથે આ અરજી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરત ખાતે મોકલવાની રહેશે.

આપનો વિશ્વાસુ

જિલ્લા યુવા વિકાસ અધિકારી
સુરત.

<u>સવિનય નકલ રવાના:-</u>

માન. કલેકટરશ્રી, સુરત
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત